(ગ) એસિડ હુમલાના પીડિતોને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ હેઠળ તેમના નિવેદન એટલે કે પુરાવો આપવા સહાયક વ્યકિતઓ અને કાયદાકીય પ્રતિનિધિત્વ પૂરું પાડવામાં આવશે.

(ઘ) દરેક જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ ઓછામાં ઓછા એક પેનલ વકીલને કાનૂની સેવા અધિકારી તરીકે આ યોજનાના હેતુને પાર પાડવા માટે નિમણૂંક કરશે.

(ચ) જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો આ યોજનાના અમલ માટે પૂરતી સંખ્યામાં અર્ધ કાનૂની સ્વયંસેવકોની પણ નિયુક્તિ કરશે.

(છ) અર્ધ કાનૂની સ્વયંસેવકો એસિડ હુમલાના પીડિતો અને કાનૂની સેવા સંસ્થાઓ વચ્ચે જોડતી કડી તરીકે કાર્ય કરશે. અસિડ હુમલાના પીડિતો સુધી પહોંચવા માટે પૂરતા પ્રયાસો કરવાના રહેશે.

## કાનૂની સહાયતા ક્લિનિકો :

(ક) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળોએ એવી હોસ્પિટલોમાં કાનૂની સહાયતા ક્લિનિકોની સ્થાપના કરશ કે જ્યાં દાઝ્યાની સારવાર માટે ખાસ સુવિધાઓ ઉપલબ્ધ હોય. જ્યાં એસિડ પીડિતોને સારવાર માટે મોકલી શકાય. અર્ધ કાનૂની સ્વંયસેવકો અને પેનલ વકીલો કે જેમને કાનૂની સહાયતા ક્લીનીકો ઉપર નિયુક્ત કરવામાં આવેલા છે. તેઓ એસિડ પીડિતોના અને તેમના સગા સંબંધીના નિયમિત સંપર્કમાં રહેશે અને ખાત્રી કરશે કે તેમને તબીબી સારવાર માટે શક્ય તેટલી બધી જ મદદ મળી રહે.

(ખ) અર્ધકાનૂની સ્વંયસેવકો એસિડ પીડિતોના કુટુંબોને સહાય અને મદદ પૂરી પાડશે અને શક્ય હોય ત્યાં તેમના માટે કાઉન્સેલીંગની વ્યવસ્થા કરશે કે જેથી તેમને એસિડ હુમલાના બનાવના આઘાતમાંથી બહાર લાવી શકાય.

(ગ) નામદાર સર્વોચ્ચ અદાલતના તારીખ ૧૦/૦૪/૨૦૧૫ ના આદેશમાં નિર્દેશ કર્યા મુજબ અર્ધ કાનૂની સ્વંયસેવકો એસિડ પીડિતોને દવાખાનામાંથી એ મતલબનો દાખલો મેળવવામાં મદદ કરશે, જ્યાં તેને સૌપ્રથમ સારવાર આપવામાં આવેલી હોય, કે વ્યકિત એસિડ હુમલાનો પીડિત છે અને પીડિત દ્વારા આ દાખલાનો ઉપયોગ સારવાર અને પુનઃસર્જનની શસ્ત્રક્રિયાઓ અથવા બીજી કોઈ યોજના કે જે રાજ્ય સરકાર/ કેન્દ્ર શાસિત પ્રદેશો પાસેથી મેળવવા હક્કદાર હોય તેના માટે કરી શકશે.

(ઘ) અર્ધ કાનૂની સ્વંયસેવકો એ સુનિશ્ચિત કરશે કે એસિડ પીડિતો તેમના માટે ઉપલબ્ધ વિવિધ પુનઃસ્થાપિત થવાની સેવાઓનો લાભ લઈ શકે.

(ચ) કાનૂની સહાયતા કિલનિકો એ બાબત સુનિશ્ચિત કરશે કે જે દવાખાનાઓ એસિડ પીડિતોને સારવાર માટે નજીવા કારણોસર સારવાર આપવાની મનાઈ કરે તેની સામે પગલા લેવામાં આવે.

(છ) કાનૂની સહાયતા કિલનિકોની સ્થાપના વિશે પોલીસ અને બિન સરકારી સંસ્થાઓ સહિત બધી જ સરકારી સંસ્થાઓ અને વિભાગોને જાણ કરવાની રહેશે.

## જાગૃતિ કાર્યક્રમો :

(ક) કાનૂની સેવા સંસ્થાઓ એસિડ પીડિતોની જરૂરીયાતો પ્રત્યે લોકોને સંવેદનશીલ બનાવવા માટે લોક જાગૃતિ કાર્યક્રમો યોજશે કે જેથી સમાજ તેમને પ્રોત્સાહન આપે કે જે તેમના પુનઃસ્થાપન માટે જરૂરી છે.

(ખ) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સાથે મળી સાથે પીડિત વળતર યોજના અને તેના હક્કો, વિવિધ કાયદાઓ અને સરકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવવા લોક જાગૃતિ કાર્યક્રમો યોજશે.

(ગ) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિઓ એસિડ હુમલાના પીડિતો અને તેમને મળતા હક્કો માટે મળવાપાત્ર કાનૂની સેવાઓ વિશે જાગૃતિ લાવશે.

(ઘ) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિઓ અસિડના વેચાણ ઉપર પ્રતિબંધ છે તે બાબતે લોક ધ્યાને લાવવા માટે જાગૃતિ ઝુંબેશો હાથ ધરશે. અર્ધ કાનૂની સ્વયંસેવકોના ધ્યાનમાં એસિડ વેચાણના કોઈ બનાવો આવશે તો તેઓ સંબંધિત વિભાગ અથવા તો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને જાણ કરશે. જેથી યોગ્ય અને ઝડપી પગલા ભરી શકાય.

(ચ) લોક જાગૃતિ ફેલાવવાની શક્ય હોય તે બધી જ પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ. જેવી કે દૂરદર્શન, અખિલ ભારતીય રેડીયો (ઓલ ઇન્ડિયા રેડિયો), ચોપાનિયા અને પત્રિકાઓની વહેંચણી.

## વિવિધ યોજનાઓનો અમલ :

(ક) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ એસિડ પીડિતો માટેની પ્રવર્તમાન નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમો વિષેની માહિતીનો પ્રચાર કરવા માટે બધાજ પગલા લેશે.

(ખ) લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓ અને તેના લાભો કે જેના માટે તેઓ હક્કદાર હોય તેના વિશે જણાવવું, યોજનાઓ હેઠળના લાભો મેળવવા જરૂરી દસ્તાવેજો મેળવવામાં લાભાર્થીઓને મદદ કરવી, નિયુક્ત કરેલ સત્તામંડળ અથવા અધિકારીના નામ અને સરનામા વિશે લાભાર્થીને જણાવવું કે જેથી તેઓ યોજનાઓ હેઠળના લાભો મેળવવા તેઓનો સંપર્ક કરી શકે, નિયુક્ત કરેલ સત્તામંડળની કચેરી અથના કોઈ યોજના હેઠળના સંબંધિત અધિકારી પાસે લાભાર્થીઓની સાથે અર્ધકાનૂની સ્વંયસેવકો મોકલવા વિગેરે બાબતોનો કાનૂની સેવાઓમાં સમાવેશ થાય છે.

(ગ) એસિડ પીડિતોના કલ્યાણ સંબંધિત વિવિધ યોજનાઓના લાભો, ખાસ કરીને પુનઃસ્થાપનની યોજનાઓના લાભ પીડિતો સુધી પહોંચે તેની ખાત્રી કરવા રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળોએ સરકારી સંસ્થાઓ કે અધિકારીઓ, બિન સરકારી સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ સાથે અસરકારક સંકલન અને સમન્વય સાધશે.

## વિડીયો જોવા માટે અહીં ક્લિક કરવા વિનંતી :

https://www.youtube.com/watch?v=gJrk_jPYPKk

ડિઝાઈન, પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

Y-248 - 50,000-10-2017

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય)

# નાલસા (એસિડ હુમલાના પીડિતો માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૬-

## સંક્ષિપ્ત આલેખન

કેવળ જન જાગૃતિ અર્થે

પ્રકાશન વર્ષ- ૨૦૧૭

આ યોજના અંતર્ગત કોઈ પણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ અથવા સંબંધિત તાલુકા કાનૂની સેવા સમિતિ કે જે દરેક કોર્ટમાં તાલુકા કક્ષાએ કાર્યરત છે તેનો સંપર્ક કરવો.

ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯ ૨૫૬૨૬૫૦૨

તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬

(Website: http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

(Email : msguj.lsa@nic.in)

(જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ)નો સંપર્ક કરી શકાય છે.

*સૂચના :* સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ યોજના જોવી).

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ (ગ્રામ્ય), ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, મીરઝાપુર, અમદાવાદ.

## પૂર્વભૂમિકા :

એસિડ હુમલાઓ હિંસાનું સૌથી ઘાતક સ્વરૂપ છે કે જેનો ઉપયોગ મોટે ભાગે સ્ત્રી જાતિ ઉપર કરવામાં આવે છે. એસિડ હુમલા દુનિયાના ઘણા ભાગોમાં નોંધાયા છે સાથે સાથે એસિડ હુમલાના બનાવો ભારતમાં પણ વધ્યા છે. રાષ્ટ્રીય ગુના રેકર્ડ બ્યુરોની માહિતી મુજબ, વર્ષ ૨૦૧૧માં ૮૩ એસિડ હુમલાના બનાવો નોંધાયા હતા. વર્ષ ૨૦૧૨માં ૮૫ અને વર્ષ ૨૦૧૩માં ૬૬ બનાવો નોંધાયા હતા. પરંતુ ભારતીય એસિડ સર્વાઈવર્સ ફાઉન્ડેશન (અસ્ફી) મુજબ, વર્ષ ૨૦૧૨માં ઓછામાં ઓછા આવા ૧૦૬ હુમલાઓ નોંધાયા હતા, વર્ષ ૨૦૧૩માં ૧૨૨ બનાવો અને વર્ષ ૨૦૧૪માં ૩૦૯ બનાવો નોંધાયા હતા. આ સંબંધિત કાર્યમાં કાર્યરત વ્યક્તિઓ (એક્ટીવીસ્ટ) વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૫૦૦ સુધી પહોંચ્યો હતો. જોકે રાષ્ટ્રીય ગુના રેકર્ડ બ્યુરો મુજબ વર્ષ ૨૦૧૫માં એસિડ હુમલાના ૨૨૨ કેસો નોંધાયા હતા. આંકડાઓમાં કદાચ તફાવત હશે, પરંતુ એસિડ હુમલાઓની સંખ્યામાં જરૂર વધારો થયો છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં વણનોંધાયેલા એસિડ હુમલાના કેસો પણ ઘણાં છે. આવા કેટલાક બનાવોમાં તો ભોગ બનનારનું મૃત્યુ પણ નીપજે છે. ગુનેગારો તરફથી વળતા હુમલાના ડરના કારણે ઘણા બનાવો નોંધાતા નથી.

ભારતીય કાયદા આયોગના ૨૨૬માં અહેવાલમાં જણાવ્યું છે કે, અમુક અંશે હુમલાખોર માહિતગાર હોય છે કે, સ્ત્રીની પોતાની ઈજ્જત અને સ્વાભિમાન તેના ચહેરામાં સમાયેલ છે કે જે તેના વ્યક્તિત્વનો ભાગ છે. ચહેરા અથવા શરીરનું વિચ્છેદન એ ફક્ત માનવ શરીર સામેનો ગુનો જ નહી, પરંતુ ભોગ બનનારને કાયમી માનસિક નુકસાન કરશે. જ્યારે ભોગ બનનારને કાયમી શારીરિક અને માનસિક નુકશાન થાય છે ત્યારે શું પરિણામ આવે છે એ જટીલ પ્રશ્ન છે અને કાયદો ઘડનારાઓએ સભાન રહેવું પડશે કે, ગુનાઓ ફક્ત શરીર સામેના ગુનાના સિદ્ધાંત ઉપર નહી પરંતુ, તેઓએ ગૌરવ સાથે જીવવાના અધિકાર ઉપરના પરિણામો ધ્યાનમાં લેવા જોઈએ કે જે ગુનાને જીવંત રાખે છે. આ ગુના વિજ્ઞાન (ક્રિમીનોલોજી) અને સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં મહત્વની વિચારણા છે.

## યોજનાનો ઉદ્દેશ :

યોજનાનો મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :

- એસિડ હુમલાના પીડિતો માટે કાનૂની સહાય અને પ્રતિનિધિત્વને રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ મજબૂત બનાવવી કે જેથી પ્રવર્તમાન વળતરની વિવિધ કાનૂની જોગવાઈઓ અને યોજનાઓનો લાભ લઈ શકાય.
- એસિડ હુમલાના પીડિતોને તબીબી સુવિધાઓ અને પુનઃસ્થાપિત કરવાની સુવિધાઓ મેળવવા સમર્થ બનાવવા.
- એસિડ હુમલાના પીડિતોના હક્કો વિશે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળો, તાલુકા કાનૂની સેવા સમિતિઓ, પેનલ વકીલો, અર્ધ કાનૂની સ્વયંસેવકો અને કાનૂની સેવા ક્લિનિકો દ્વારા જાગૃતિ લાવવી.
- તાલીમ, અભિગમ અને સંવેદનશીલતાના કાર્યક્રમો યોજીને પેનલ વકીલો, અર્ધ કાનૂની સ્વયંસેવકો, કાનૂની સેવા ક્લિનિકોના સ્વયંસેવકો, વિવિધ યોજનાઓના અમલ સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓ, સેવા આપનારાઓ, પોલીસ અને બિન સરકારી સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવી.
- અલગ અલગ યોજનાઓ અને કાયદાઓના અભ્યાસ માટે સંશોધન અને દસ્તાવેજીકરણ કરવું. જેથી ખામીઓ અને જરૂરીયાતો શોધી શકાય તથા યોગ્ય સત્તામંડળને સુધારા સૂચવી શકાય.

## કાયદાકીય માળખું :

- એસિડ હુમલાના બનાવો માટેની કોઈ ચોક્કસ જોગવાઈના અભાવે, આવા કેસોની કાર્યવાહી સામાન્ય રીતે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬ અને અન્ય જોગવાઈઓ હેઠળ થતી હતી. જો કે, જસ્ટીસ વર્મા સમિતિએ ભલામણ કરેલી કે, એસિડ હુમલાઓ એક ગુના તરીકે ભારતીય દંડ સંહિતામાં વ્યાખ્યાયીત થવા જોઈએ અને એવું અવલોકન કરેલું કે :

  "૯. આ જાતીય ગુનાની ચોક્કસતા અને ભેદભાવયુક્ત પ્રકૃતિ આપણને આ ગુનાને સ્ત્રી સામેના એક અન્ય ગુના તરીકે અવગણવા દેતી નથી. અમે ભલામણ કરીએ છીએ કે, અસિડ હુમલાઓ ચોક્કસ રીતે ભારતીય દંડ સંહિતામાં વ્યાખ્યાયિત થવા જોઈએ અને આરોપીએ, પીડિતને વળતર ચૂકવવું જોઈએ. જોકે સ્ત્રીઓ સામેના ગુનાઓના સંબંધમાં, કેન્દ્ર અને રાજ્ય સરકારે વળતર ભંડોળ ઉભુ કરવા માટે નોંધપાત્ર ફાળો આપવો જોઈએ. અમે નોંધીએ છીએ કે, હાલના ફોજદારી કાયદા (સુધારો) વિધેયક, ૨૦૧૨માં એસિડ હુમલાની વ્યાખ્યાનો સમાવેશ કરવામાં આવેલ છે."

- એસિડ હુમલાના પીડિતોને શ્રેણીબદ્ધ પ્લાસ્ટિક સર્જરીઓ અને અન્ય સુધારાત્મક સારવારો કરાવવાની જરૂર પડે છે તે હકીકતની નોંધ લઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે તા. ૧૮/૦૭/૨૦૧૩ના આદેશમાં નિર્દેશ આપેલો કે એસિડ હુમલાના પીડિતોને ઓછામાં ઓછું રૂા. ૩ લાખનું વળતર બનાવ પછીની સંભાળ અને પુનઃસ્થાપન તરીકે રાજ્ય સરકાર/ કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા ચુકવવામાં આવશે. જેમાંથી રૂા. ૧ લાખ બનાવ બન્યાના ૧૫ દિવસમાં (અથવા રાજ્ય સરકાર/ કેન્દ્ર શાસિત પ્રદેશના ધ્યાને લાવતાં) પીડિતને ચૂકવવામાં આવશે કે જેથી તાત્કાલિક તબીબી ધ્યાન આપી શકાય અને આ બાબતે ખર્ચ કરી શકાય. તે રીટ પીટીશનનો તા. ૧૦/૦૪/૨૦૧૫ના રોજ નિકાલ કરતી વખતે, તેવો નિર્દેશ આપેલો કે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવે આ મુદ્દો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવો કે જેથી ન્યાયાલયે કરેલા હુકમોનું પાલન થાય અને ઓછામાં ઓછા રૂા. ૩,૦૦,૦૦૦/- એસિડ હુમલાના દરેક પીડિતને મળે. રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળોના સભ્ય સચિવોને એવો નિર્દેશ આપવામાં આવેલો છે કે તેઓએ પીડિતોની વળતર યોજનાનો બહોળો અને પૂરતો પ્રચાર રાજ્ય/ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કરવો જોઈએ કે જેથી દરેક એસિડ હુમલાના પીડિતો આ વળતર યોજનાનો લાભ લઈ શકે. એવો પણ નિર્દેશ કરેલ કે એસિડ હુમલાના પીડિત દ્વારા કરવામાં આવેલ કોઈ વળતર માટેના દાવાના કિસ્સામાં, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આ મુદ્દો હાથ ધરશે અને તે જિલ્લા ન્યાયાધીશ અને અન્ય સહ-પસંદગી પામેલા વ્યક્તિઓ કે જે જિલ્લા ન્યાયાધીશને મદદ માટે યોગ્ય લાગે, ખાસ કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક અને જે તે જિલ્લાના સિવિલ સર્જન અથવા મુખ્ય તબીબી અધિકારી અથવા તેઓ દ્વારા નિયુક્ત કરેલી વ્યક્તિઓનું બનેલું બોર્ડ ફોજદારી ઈજાઓ વળતર બોર્ડ તરીકે બધા જ હેતુઓ માટે કામ કરશે. આ મુદ્દો પણ નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે. પરિવર્તન કેન્દ્ર અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય વાળી રીટ પીટીશન (દીવાની) નં. ૮૬૭/૨૦૧૩, નિર્ણિત તારીખ ૦૭/૧૨/૨૦૧૫ માં અવલોકન કરવામાં આવેલું કે સંબંધિત રાજ્ય સરકાર અને કેન્દ્ર શાસિત પ્રદેશ રૂા. ૩ લાખ કરતા વધુ વળતર આપી શકે છે કે જેનો નિર્દેશ લક્ષ્મીના કેસમાં કરેલો છે. આ કેસમાં કરવામાં આવેલ મહત્વનો નિર્દેશ એ હતો કે બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ આવા પીડિતોની સ્થિતિને ધ્યાનમાં રાખવી જોઈએ અને તેમના નામનો અપંગતા યાદીમા સમાવેશ થાય તે માટેના યોગ્ય પગલાં લેવા જોઈએ.

## કાનૂની સેવા સંસ્થાઓની ભૂમિકા :

- કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭નું આમુખ એ વાત ઉપર ભાર મૂકે છે કે, કાનૂની સેવા સત્તા મંડળો સમાજના નબળા વર્ગો સાથે સંબંધિત છે અને કોઈ નાગરિક કોઈ કારણ અથવા આર્થિક કે અન્ય અક્ષમતાને કારણે ન્યાય મેળવવાની તકોથી વંચિત ન રહી જાય તે જોવાની તેમની ફરજ છે. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ની કલમ ૪(ખ) અન્વયે કાનૂની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે, કેન્દ્રીય સત્તા મંડળ એટલે કે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળને સૌથી વધુ અસરકારક અને આર્થિક યોજનાઓ ઘડવા માટે જવાબદારી સોંપવામાં આવેલ છે. ઉપરાંત, કલમ ૪ (ઢ) કેન્દ્રીય સત્તા મંડળને લોકોમાં કાનૂની સાક્ષરતા અને કાનૂની જાગૃતિ ફેલાવવા માટે યોગ્ય પગલા લેવા માટે ફરજ પાડે છે અને ખાસ કરીને સમાજના નબળા વર્ગના લોકોને સમાજ કલ્યાણ કાયદાઓ અને અન્ય કાયદાઓ તથા વહીવટી કાર્યક્રમો તથા યોજનાઓ દ્વારા આપવામાં આવતા હક્કો, લાભો અને વિશેષાધિકારોની માહિતી આપવી. તેવી જ રીતે કલમ ૭(ગ) હેઠળ, રાજ્ય સત્તા મંડળ એટલે કે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની કાર્ય નિવારક અને વ્યૂહાત્મક કાનૂની સહાય કાર્યક્રમો હાથ ધરવાની ફરજ છે. આ રીતે કાયદો પોતે કાનૂની સેવા સત્તા મંડળની કાયદાઓ અને વિવિધ વહીવટી પગલાંઓ અને કાર્યક્રમો વિષે કાયદાકીય જાગૃતિ ફેલાવવા અને નિવારક અને વ્યૂહાત્મક કાનૂની સહાય કાર્યક્રમો હાથ ધરવાની ફરજ છે. ઉપરાંત, આ કાયદાની કલમ ૧૨ હેઠળ બધી જ સ્ત્રીઓ અને અપંગ વ્યકિત- કે જેને અપંગ વ્યકિતઓનો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) કાયદો, ૧૯૯૫ની કલમ-૨ની જોગવાઈ (૧) માં વ્યાખ્યાયીત કરેલ છે- તેઓ કાનૂની સેવાઓ માટે હક્કદાર છે.

## કાર્ય યોજના :

કાનૂની પ્રતિનિધિત્વ :

(ક) એસિડ હુમલાના દરેક પીડિતોને તેમજ એસિડ હુમલાને કારણે મૃત્યુ નીપજે છે તેવા પીડિતોના વારસદારોને અગ્રતાના ધોરણે કાનૂની સહાય આપવામાં આવશે કે જેથી તેઓ પીડિત વળતર યોજનાનો લાભ લઈ શકે.

(ખ) રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ એ ખાતરી કરશે કે એસિડ હુમલાના પીડિતોને કાર્યવાહી વિષયક આંટીઘૂંટીમાં કોઈ પણ જાતનો વિલંબ વેઠવો ન પડે અને વચગાળાનું વળતર સત્વરે આપવામાં આવે.